# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-04-2024** **Morning : 7.45 to 7.55**

**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

********************************************************

- લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે અંતિમ દિવસ
- લોકસભાના ચૂંટણીના બીજા તબક્કા માટેના પ્રચાર પડઘમ શાંત - આવતીકાલે મતદાન યોજાશે.
- સર્વોચ્ચ અદાલતે ઈવીએમના મતોની વીવીપેટ સ્લીપ સાથે 100 ટકા ક્રોસ વેરિફિકેશનની માંગણી કરતી અરજી પરનો ચુકાદો અનામત રાખ્યો છે.
- અમેરિકના રાષ્ટ્રપતિ જો બાઈડને યુક્રેન, ઇઝરાયેલ અને તાઇવાન માટે 95 અબજ અબજ ડોલરના સહાય પેકેજ પર હસ્તાક્ષર કર્યા.
- દુબઈમાં ચાલી રહેલી અંડર 20 એસિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપના પ્રથમ દિવસે ભારતે એક સુવર્ણ અને ત્રણ રજત ચંદ્રક જીત્યા.
- IPL ક્રિકેટમાં ગઇકાલે દિલ્હી કેપિટલ્સે - ગુજરાત ટાઇટન્સને ચાર રનથી હરાવ્યું.

***************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# LOKSABHA Nomination

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે અંતિમ દિવસ છે. આવતીકાલે ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે અને 29મી એપ્રિલ સુધીમાં ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે.

આગામી 13મી મેએ ચોથા તબક્કામાં 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ 96 લોકસભા બેઠકો પર મતદાન થશે. જેમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને જમ્મુ અને કાશ્મીરનો સમાવેશ થાય છે.

.................

- નિકીતા

# REV-SECOND-PHASE-ELECTION

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટેના પ્રચાર પડઘમ ગઇકાલે શાંત થયા છે. આ તબક્કા માટે આવતીકાલે મતદાન યોજાશે.

જેમાં બાહ્ય મણિપુર લોકસભા મતવિસ્તારના બાકીના ભાગ સહિત 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 88 લોકસભા બેઠકો માટે ચૂંટણી યોજાશે. કેરળની 20 બેઠકો, કર્ણાટકની 14 બેઠકો, રાજસ્થાનની 13 બેઠકો, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની આઠ-આઠ બેઠકો, મધ્ય પ્રદેશની છ બેઠકો, આસામ અને બિહારની પાંચ-પાંચ બેઠકો, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢની ત્રણ-ત્રણ બેઠકો અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરમાં એક-એક બેઠક આ તબક્કામાં મતદાન થશે.

મધ્યપ્રદેશના બેતુલ સંસદીય મતવિસ્તાર માટે મતદાન જે બીજા તબક્કામાં નિર્ધારિત હતું તે હવે BSP ઉમેદવારના નિધનને કારણે ત્રીજા તબક્કામાં યોજાશે.

આ તબક્કામાં 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના કુલ એક હજાર 198 ઉમેદવારો અને આઉટર મણિપુર લોકસભા મતવિસ્તારના ચાર ઉમેદવારો મેદાનમાં છે.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- કરણ -(નવીન)

# LOKSABHA- ELECTION CAMPING

દરમિયાન ગઇકાલે પ્રચારના અંતિમ દિવસે મુખ્ય રાજકીય પક્ષોના ટોચના નેતાઓએ રેલીઓ અને રોડ શો યોજીને મતદારોને રીઝવવાનો છેલ્લો પ્રયાસ કર્યો હતો.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે છત્તીસગઢના અંબિકાપુર શહેરમાં અને મધ્યપ્રદેશના સાગર જિલ્લામાં જાહેર સભાને સંબોધિત કરી હતી. શ્રી મોદીએ ગઈકાલે ભોપાલમાં રોડ શો પણ કર્યો હતો.

ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે ગઈકાલે કેરળના અલપ્પુઝામાં એક ચૂંટણી બેઠક યોજી હતી.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી ગઈકાલે મહારાષ્ટ્રના અમરાવતી લોકસભા ક્ષેત્રમાં એક ચૂંટણી રેલીમાં સામેલ થયા હતા.

આરજેડી, કોંગ્રેસ અને ડાબેરી પક્ષોના મહાગઠબંધનના નેતાઓએ પણ તેમના ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કર્યો.

ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે મૈનપુરી અને ઈટાવા જિલ્લામાં પ્રચાર કર્યો.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- કરણ -(નવીન)

# SUPREME COURT- EVM VVPAT

સર્વોચ્ચ અદાલતે ઈવીએમના મતોની વીવીપેટ સ્લીપ સાથે 100 ટકા ક્રોસ વેરિફિકેશનની માંગણી કરતી અરજી પરનો ચુકાદો અનામત રાખ્યો છે.

ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયમૂર્તિ દીપાંકર દત્તાની ખંઠપીઠે EVMની કાર્યપ્રણાલી વિશે ભારતીય ચૂંટણી પંચને કેટલાક સવાલો પૂછ્યા હતા. સુનાવણી દરમિયાન બેંચે EVM અને VVPATની કાર્ય પ્રણાલીની સુરક્ષા સુવિધાઓને સમજવા માટે ચૂંટણી પંચના અધિકારીઓ સાથે વ્યાપક વાતચીત કરી હતી. આ મુદ્દે ચૂંટણી પંચે આશ્વાસન આપ્યું છે કે કોઈ પણ સ્તરે EVM સાથે ચેડા અશક્ય છે. ચૂંટણી પંચે કહ્યું કે અત્યાર સુધીમાં ખરાઈની 41 હજાર, 629 ઘટનાઓ સામે આવી છે, અને ચાર કરોડથી વધારે VVPAT પેપર સ્લીપને મેળવવામાં આવી છે.

................

- રીપીટ

# INDIAN-ARMY--SEMINAR

સેનાના વડા જનરલ મનોજ પાંડેએ આધુનિક, અનુકૂલનશીલ અને ટેક્નોલોજી-સક્ષમ દળો તૈયાર કરવા ભારતીય સેનાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

જનરલ પાંડે ગઈકાલે નવી દિલ્હીમાં ભારતીય સેના દ્વારા આયોજિત કાર્યશાળા સહ પ્રદર્શનમાં સંબોધન કરતાં તેમણે આ મુજબ જણાવ્યું હતું. જનરલ પાંડે એ ઉદ્યોગ ભાગીદારો, સંશોધન અને વિકાસ સંસ્થાઓ અને નીતિ નિર્માતાઓ સહિત તમામ હિતધારકોને તેમના પ્રયત્નોને એકરૂપ બનાવવા અને રાષ્ટ્રીય સંરક્ષણ કાર્યપ્રણાલી વિકસાવવા હાકલ કરી હતી.

તેમણે સ્વદેશી સંશોધન અને વિકાસ દ્વારા ટેક્નોલોજી ક્ષેત્રે આત્મનિર્ભરતા હાંસલ કરવા પર ભાર મૂક્યો હતો. આ કાર્યશાળામાં કૃત્રિમ બુદ્ધિમત્તા અને લશ્કરી ક્ષેત્રમાં આધુનિક ટેક્નોલોજીને અપનાવવા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- કરણ -(નવીન)

# DEFENCE-SECY-Kazakhstan

સંરક્ષણ સચિવ ગિરધર અરમાને શાંઘાઈ સહયોગ સંગઠન-SCOના સભ્ય દેશોના સંરક્ષણ મંત્રીઓની વાર્ષિક બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે.

આ બેઠક કઝાકિસ્તાનના અસ્તાના યોજાઈ રહી છે.બેઠકમાં સંરક્ષણ સહયોગ પહેલ સહિત પ્રાદેશિક સુરક્ષા મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવશે. બે દિવસની મુલાકાત દરમિયાન સંરક્ષણ સચિવ મંત્રી સ્તરની બેઠકમાં ભારતનો પક્ષ રજૂ કરશે.

શ્રી અરમાને દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગના મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે SCOના સભ્ય દેશોના સંરક્ષણ મંત્રીઓ સાથે બેઠક કરશે.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- કરણ -(નવીન)

# US-AID-PACKAGE

અમેરિકના રાષ્ટ્રપતિ જો બાઈડને યુક્રેન, ઇઝરાયેલ અને તાઇવાન માટે 95 અબજ ડોલરના સહાય પેકેજ પર હસ્તાક્ષર કર્યા છે. હસ્તાક્ષર કર્યા બાદ તેમણે કહ્યું પેકેજને અમેરિકાની સાથે યુક્રેન અને વિશ્વ શાંતિ માટે મહત્વપૂર્ણ ગણાવ્યું હતું.

કુલ 95 બિલિયન અમેરિકી ડૉલરના સહાય પેકેજમાં યુક્રેનને લગભગ 61 બિલિયન ડૉલર, ઇઝરાયેલ માટે 26 બિલિયન ડૉલર અને હિન્દ પ્રશાંત ક્ષેત્ર માટે 8 બિલિયન ડૉલરનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- કરણ -(નવીન)

# NT.-ASIAN-U20-ATHLETICS-C-SHIPS

દુબઈમાં ચાલી રહેલી અંડર 20 એસિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપના પ્રથમ દિવસે ભારતે એક સુવર્ણ અને ત્રણ રજત ચંદ્રક જીત્યા છે. પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં દીપાંશુ શર્માએ સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. તેવી જ રીતે રોહન યાદવ, પ્રિયાંશુએ આજ સ્પર્ધામાં રજત ચંદ્રક મેળવ્યો હતો.

રિતિક રાઠી 53.01 મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે પુરુષોની ડિસ્ક થ્રો સ્પધામાં રજત ચંદ્રક જીત્યો હતો. આ સ્પર્ધામાં 31 પુરૂષો અને 29 મહિલાઓ મળીને કુલ 60 ભારતીય ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- કરણ -(નવીન)

# NT.-IPL

IPL ક્રિકેટમાં, દિલ્હી કેપિટલ્સે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ગુજરાત ટાઇટન્સને ચાર રનથી હરાવ્યું છે.

પ્રથમ બેટિંગ કરતા દિલ્હીની ટીમે સુકાની ઋષભ પંતના 88 અને અક્ષર પટેલના 66 રનની મદદથી નિર્ધારિત 20 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને 224 રનનો સ્કોર બનાવ્યો હતો. લક્ષ્યાંકનો પીછો કરતા ગુજરાતની ટીમે 20 ઓવરમાં 8 વિકેટે 220 રન બનાવ્યા હતા.

ગુજરાત તરફથી સાઈ સુદર્શને 65 અને ડેવિડ મિલરના 55 રન કર્યા હતા. સનરાઇઝર્સ હૈદરાબાદનો મુકાબલો આજે હૈદરાબાદના રાજીવ ગાંધી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે થશે. મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- કરણ -(નવીન)

# CHHATTISGARH-MAOISTS-SURRENDERED

છત્તીસગઢના દંતેવાડા જિલ્લામાં ગઈકાલે ત્રણ મહિલાઓ સહિત 18 માઓવાદીઓએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે.

પોલીસ અધિક્ષકે જણાવ્યું છે કે, આત્મસમર્પણ કરનાર આ તમામ માઓવાદીઓને છત્તીસગઢ સરકારની પુનર્વસન યોજના હેઠળ દરેકને પચીસ હજાર રૂપિયાની પ્રોત્સાહક રકમ અને અન્ય તમામ લાભો આપવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- કરણ -(નવીન)

# IMD---HEAT-WAVE

ભારતીય હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન પૂર્વ અને દક્ષિણ દ્વીપકલ્પના વિસ્તારોમાં હિટવેવની સ્થિતિ ચાલુ રહેવાની આગાહી કરી છે.

ઓડિશા અને પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારો, સિક્કિમ અને કર્ણાટકના આંતરિક વિસ્તારો માં તીવ્ર હીટવેવની સ્થિતિ પ્રવર્તે તેવી શક્યતા છે. બિહાર, ઝારખંડ, તટીય આંધ્રપ્રદેશ, તેલંગાણા અને પૂર્વ ઉત્તર પ્રદેશમાં હીટ વેવની સ્થિતિ યથાવત રહેશે. આ દરમ્યાન મધ્ય અને પૂર્વ ભારતમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો ઠાવની શક્યતા છે.

બીજી તરફ અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આગામી શનિવાર અને રવિવારે પૂર્વોત્તર ભારતમાં વાવાઝોડાં અને તોફાની પવનો સાથે ભારે વરસાદની પણ શક્યતા છે.

. . . . . . . . . . . . . . . . . .

પુલ- કરણ -(નવીન)

# KENYA-FLOOD-TOLL

કેન્યામાં આવેલા પૂરને લગતા બનાવોથી મૃત્યુઆંક વધીને 38 થયો છે. સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર 1લાખથી વધુ લોકોનું સ્થાનાંતરં કરવામાં આવ્યું છે.

માર્ચના મધ્યભાગથી થઈ રહેલા ભારે વરસાદને પગલે પૂરની પરિસ્થિતિ સર્જાઇ છે . કેન્યા રેડ ક્રોસના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં 188 થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

રેલ્વેએ દેશભરમાં કોમ્યુટર ટ્રેન સેવાઓ સ્થગિત કરી દીધી છે.કેન્યાના હવામાન વિભાગે દેશના કેટલાક વિસ્તારોમાં "ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે .

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- કરણ -(નવીન)

# ***INDIA - JAPAN***

ભારત-જાપાન મસલતી સમિતિની દસમા દોરની બેઠક ગઇકાલે ટોકિયોમાં યોજાઇ ગઇ. તેમાં નિઃશસ્ત્રીકરણ, પરમાણુ- અપ્રસાર અને નિકાસ નિયંત્રણ જેવા મુદ્દાઓ વિષે ચર્ચા કરવામાં આવી. બંને પક્ષોએ પરમાણુ, રાસાયણિક અને જૈવિક શસ્ત્રોના અપ્રસાર, અવકાશ સુરક્ષા, પરંપરાગત શસ્ત્રો તેમજ તેની નિકાસ પરના નિયંત્રણ જેવા મુદ્દાઓમાં થયેલી પ્રગતિ વિષે મંતવ્યોની આપ-લે કરી.

આ વાટાઘાટોમાં ભારતીય પક્ષનું નેતૃત્વ વિદેશ મંત્રાલયમાં નિઃશસ્ત્રીકરણ અને આંતરરાષ્ટ્રીય સલામતીને લગતી બાબતો માટેના સંયુક્ત સચિવ, મુઆનપુઇ સૈયાવીએ કર્યું. જ્યારે જાપાનના પ્રતિનિધિ મંડળના વડપણે વિદેશ મંત્રાલયમાં નિઃશસ્ત્રીકરણ, અપ્રસાર અને વિજ્ઞાન વિભાગના મહાનિયામક કાત્સુરો કિતાગાવા હતા.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- રીપીટ